# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-08-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં 15 લાખથી વધુ આવાસનું નિર્માણ પૂર્ણ થયું
2) ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ અહેવાલના આધારે અમદાવાદની ખાનગી શાળામાં થયેલી ઘટના અંગે પગલાં લેશે
3) રાજકોટમાંથી છ હજાર 500 કિલો ભેળસેળયુક્ત ઘી જપ્ત કરાયું
4) કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરમાં આવતીકાલે ભારેથી અતિભારે વરસાદની આગાહી
5) ઉત્તર ગુજરાતની સહકારી શક્તિ-એ ગામડાથી વૈશ્વિક બજાર સુધી વિશેષ પહોંચ બનાવી

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM AAVAS YOJANA SHAHERI

રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં 15 લાખથી વધુ આવાસનું નિર્માણ પૂર્ણ થયું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત વર્ષ 2016-17થી વર્ષ 2024-25 સુધીમાં ભારત સરકાર દ્વારા આઠ લાખ 43 હજાર 168 આવાસનો લક્ષ્યાંક મળ્યો છે. તે પૈકી કુલ છ લાખ 932 આવાસનું બાંધકામ પૂર્ણ થયું છે.

રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ કુલ સાત લાખ 64 હજાર આવાસના લક્ષ્યાંક સામે કુલ નવ લાખ 66 હજાર આવાસ મંજૂર કરાયા છે. આ મંજૂર આવાસ પૈકી નવ લાખ સાત હજાર જેટલા આવાસનું કામ પૂર્ણ થયું છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2019માં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ ગુજરાતને વિવિધ શ્રેણીમાં કુલ છ અને વર્ષ 2022માં વિવિધ શ્રેણીમાં કુલ સાત પુરસ્કાર અપાયા છે.

. . .

# CM PATEL GARC FORTH REPORT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મુખ્ય સલાહકાર ડૉક્ટર હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં બનેલા ગુજરાત વહીવટી સુધારણા પંચ- G.A.R.C.નો ચોથો અહેવાલ મુખ્યમંત્રીને સોંપાયો છે. અહેવાલમાં રાજ્યમાં વિકેન્દ્રિત આયોજન વ્યવસ્થાને વધુ લોકતાંત્રિક –પ્રતિનિધિત્વ આધારિત અને જનકેન્દ્રિત બનાવવાની ભલામણ કરવામાં આવી છે.

આ અહેવાલમાં જિલ્લા આયોજનના અંદાજપત્રમાં આગામી પાંચ વર્ષમાં સાતથી આઠ ગણા જેટલો વધારો , જિલ્લા આયોજન મંડળમાંથી જિલ્લા આયોજન સમિતિ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને બહુમતી, આયોજન માટે નિયત સમયપત્રક, તાલુકા સ્તરે એકીકૃત સમિતિ અને ગ્રામીણ વિકાસ આયોજનનો સમાવેશ થાય છે. ચોથા અહેવાલની ભલામણો GARCની વેબસાઈટ GARCGUJ.IN/RESOURCES પર પણ ઉપલબ્ધ છે.

. . . . .

# PIB FACT CHECK ON TOLL PLAZA

રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ- N.H.A.I.એ સ્પષ્ટતા કરી છે કે , દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને રાષ્ટ્રીય એક્સપ્રેસ-વે પર સ્થિત જકાતનાકા પર દ્વિચક્રી વાહનચાલકો પાસેથી કોઈ ફી લેવામાં નથી આવતી. સોશિયલ મીડિયા પર ફેલાયેલા ખોટા સમાચાર અંગે N.H.A.I. દ્વારા આ સ્પષ્ટતા કરવામાં આવી છે. સત્તામંડળે અફવાઓ અને ખોટા સમાચાર પર વિશ્વાસ ન કરવા પણ લોકોને અપીલ કરી છે.

. . .

# BAL ADHIKAR SANRAKSHAN

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનાં અધ્યક્ષ ધર્મિષ્ઠા ગજ્જરે અમદાવાદની ખાનગી શાળામાં વિદ્યાર્થીની હત્યાની ઘટનાની ટીકા કરી છે. તેમણે કહ્યું, આયોગે શાળા અને પોલીસ પાસેથી અહેવાલ મગાવ્યો છે. તેના આધારે કડક પગલાં લેવાશે. સોશિયલ મીડિયા પર બાળક શું જોવે છે તેની પર ધ્યાન રાખવા પણ સુશ્રી ગજ્જરે વાલીઓને અપીલ કરી છે.

(BYTE: DHARMISHTHA GAJJAR, CHAIRMAN)

. . . . . . . . . . . . .

# FAKE BUTTER SEIZED IN RAJKOT

ભારતીય અન્ન સલામતી અને ધારાધોરણ સત્તામંડળ - F.S.S.A.I.એ રાજકોટમાંથી છ હજાર 500 કિલો ભેળસેળયુક્ત ઘી જપ્ત કર્યું છે. F.S.S.A.I.એ નકલી ઘી પકડવાની કાર્યવાહી હેઠળ ખાનગી પેઢી પર દરોડા પાડી. ઘીના નમૂના પ્રયોગશાળામાં મોકલાતા તેમાં ભેળસેળ હોવાનું સામે આવ્યું છે.

ભેળસેળના પુષ્ટી થયેલા પૂરાવાના આધારે , ખાદ્ય ઘટક અને તૈયાર વસ્તુના તમામ ઉપલબ્ધ જથ્થો જપ્ત કરાયો. હવે કેન્દ્રીય પરવાના સત્તામંડળ અંતિમ પ્રયોગશાળાના પરિણામ અને તપાસના પરિણામના આધારે આગળની કાર્યવાહી કરશે.

. . .

# TAPAL ADVANCE POST TECH

ટપાલ વિભાગે I.T. 2.0 – એડવાન્સ પૉસ્ટલ ટૅક્નોલૉજી- A.P.T.નો પ્રારંભ કરાવ્યો છે. ગુજરાતમાં સફળ પાયલટ પ્રૉજેક્ટ બાદ તેનો દેશવ્યાપી અમલ કરાયો છે. આ નવા સૉફ્ટવૅરમાં એક જ દિવસમાં 32 લાખથી વધુ બૂકિંગ અને 37 લાખ જેટલી ડિલિવરીનું સફલતાપૂર્વક સંચાલન કરાયું. આ નવી ટૅક્નોલૉજી દેશભરની એક લાખ 65 હજારથી વધુ ટપાલ કચેરીને ડિજિટલ ક્રાંતિ સાથે જોડશે.

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું , APT સૉફ્ટવૅર ભારતીય ટપાલ વિભાગને વિશ્વ-સ્તરીય લૉજિસ્ટિક્સ સંસ્થામાં પરિવર્તિત કરશે. આ ટૅક્નોલૉજી સંપૂર્ણપણે સ્વદેશી એટલે કે, ‘આત્મનિર્ભર ભારત’ના સિદ્ધાંત પર આધારિત છે. તેને સૅન્ટર ફૉર એક્સલૅન્સ ઇન પૉસ્ટલ ટૅક્નોલૉજી - CEPT દ્વારા વિકસાવવામાં આવી છે.

. . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

................

# RAIN OVERALL - 1

રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. જોકે , જુનાગઢ, ગીરસોમનાથ અને દેવભૂમિદ્વારકા સહિત સૌરાષ્ટ્રના કેટલાક દરિયાકાંઠાના જિલ્લાઓમાં ગઇકાલે થયેલ ભારે વરસાદને પગલે પૂર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. પરિણામે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે.

જૂનાગઢમાં ગઇકાલે થયેલા ભારે વરસાદ બાદ તંત્ર દ્વારા થયેલ કામગીરી અંગે અહેવાલ આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ સંજીવ મહેતા.

**(બાઇટ –સંજીવ મહેતા જુનાગઢ )**

દેવભૂમિદ્વારકા જિલ્લામાં કલ્યાણપૂર અને રાવલ પંથકમાં ધોધમાર વરસાદથી આસપાસના ખેતરમાં પણ પાણી ભરાતા ખેડૂતોને પણ નુકસાન થયું છે. વધુ માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ કરણ જોશી.

**(બાઇટ –કરણ જોશી –દેવભૂમિ દ્વારકા)**

અમરેલીના જાફરાબાદના દરિયામાં વધુ બે બોટ સંપર્ક વિહોણી થઈ છે. દિવસમાં તોફાની દરિયામાં 30 લોકો પાણીમાં ગુમ થયાંના અહેવાલ છે. તટરક્ષક દળે શોધખોળ હાથ ધરી છે.

પોરબંદરમાં વરસાદે વિરામ લીધા બાદ આજે ઉપરવાસમાંથી આવતા પાણીને લીધે અનેક વિસ્તાર પાણીમાં ગરકાવ થયા છે , ખેતરો તળાવમાં ફેરવાયા છે. પરિણામે મગફળીના પાકને મોટું નુકસાન થયું છે. ગામડાઓને જોડતા 38 માર્ગ ઉપર પાણી ફરી વળ્યા હોવાથી મોચા ગામમાં ફસાયેલા 13 લોકોને NDRFની ટીમે બચાવી લીધા છે.

**CONTI....**

# RAIN OVERALL - 2

ભાવનગરમાં ભારે વરસાદને પગલે દરિયાઈ ભરતીમાં પ્રસિદ્ધ નિષ્કલંક મહાદેવ મંદિરનું લિંગ દરિયાનાં પાણીમાં ગરકાવ થયું છે.

વલસાડ જિલ્લાની ભેસું ખાડીમાં ગઇકાલે એક કાર પાણીમાં તણાતા કારમાં સવાર શિક્ષિકા અને તેમની પુત્રી કાર સાથે તણાઈ જતાં આજે બંનેના મૃતદેહ મળી આવ્યા છે.

ડાંગ જિલ્લામાં સાર્વત્રિક વરસાદને પગલે ડાંગ જિલ્લાની મુખ્ય નદીઓ અંબિકા , પૂર્ણા, ગિરા, ખાપરીના જળસ્તરમાં વધારો થયો છે. ગિરાધોધમાં પાણીની આવક વધતા પર્યટકોમાં વધારો થયો છે

. . . . .

# DAM

રાજયમાં છેલ્લા 24 કલાકમાં 33 જિલ્લાના 226 તાલુકામાં વરસાદ સાથે રાજયમાં કુલ 76 ટકા જેટલો વરસાદ નોધાયો છે.

રાજ્યના બંધની સ્થિતિની વાત કરીએ તો રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધ યોજના 80 ટકા જેટલી ભરા ઈ છે. બંધમાંથી હાલ 46 હજાર ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. રાજ્યના કુલ 55 બંધ 100 ટકા ભરાયા છે જ્યારે 69 બંધ 70 ટકાથી વધુ ભરાયા છે. 70 જેટલા ડેમ હાઇ એલેર્ટ પર મુકાયા છે.

રાજયમાં અત્યાર સુધી 5200 થી વધુ લોકોનું સ્થળાંતર તેમજ 900 લોકોને બચાવાયા છે. રાજ્યના ધોરીમાર્ગો સહિત કુલ 340 માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરાયાં છે.

. . . . . .

# GUJARAT WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી 27 ઑગસ્ટ સુધી રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરી છે. આવતીકાલે કચ્છ , સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. ઉપરાંત બનાસકાંઠા , પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની વકી છે. માછીમારોને પણ આગામી 25 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE - DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

. . . .

# U GUJARAT SAHKARITA SHAKTI

બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠા જેવા જિલ્લામાં ડેરી સહકારી મંડળીઓમાં આવેલા પ્રસંસ્કરણ ક્ષમતા અને અદ્યતન સુવિધાને કારણે રાજ્યના કુલ દૂધ ઉત્પાદનમાં વધારો થઈ રહ્યો છે. ડેરી ક્ષેત્રે આ નોંધપાત્ર પરિવર્તનના કારણે ઉત્તર ગુજરાત ગ્રામીણ આજીવિકા અને વિકાસનું શક્તિશાળી માધ્યમ બન્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં સાકાર થયેલું આ ડેરી મોડેલ બેચરાજીમાં થનારી આગામી વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં પ્રદર્શિત થશે.

સાંભળીએ એક અહેવાલ.

(V/C- પ્રવેશ અડિએચા)

(...ઍશિયાની અગ્રણી ડૅરી સહકારી મંડળી બનાસ ડેરી સૌથી વધુ 21 હજાર કરોડની વાર્ષિક આવક ધરાવે છે. જ્યારે મહેસાણાની દૂધસાગર ડેરીની આઠ હજાર 54 કરોડ રૂપિયાની વાર્ષિક આવક સાથે પ્રતિદિવસ 33 લાખ 50 હજારથી વધુ લિટર દૂધ ઉત્પાદનની ક્ષમતા છે. ઉત્તર ગુજરાતના આધારસ્તંભ સમાન સાબર ડેરી પાસે આઠ હજાર 900 કરોડ રૂપિયાથી વધુની વાર્ષિક આવક સાથે 33 લાખ 53 હજાર લિટર પ્રતિદિવસ દૂધ ઉત્પાદનની ક્ષમતા છે. આ ત્રણેય સહકારી મંડળીઓ દર્શાવે છે કે, ઉત્તર ગુજરાતના ડેરી મૉડેલે ખેડૂતોને બજાર સાથે જોડવામાં મોટો ફાળો આપ્યો છે.

. . . . .